# નગર આયોજન અને મુલ્યાંકન ખાતુ

ગુજરાત રાજય,ગાંધીનગર

સેકટરનં.૧૦/એ,સેંટ જેવિયર્સ સ્કુલ સામે,ગાંધીનગર

મ... કચેરી
0 8 ... 2013
ક્રમ નંબર D/ ૧/૧૪૪૦

નં .સુરત/સુચિત/નરયોનં. ૮૫(સરથાણા–પાસોદરા–લસકાણા)/પરામર્શ/દ.ગુ/ ૧૦૨૧ તા– E7 MAR 2013

ઇનવર્ડ નં. ૬૩૬૬
ટી.પી.ડી.
તારીખ ૧૧-૩-૧૩

પ્રતિ,
કમિશ્નરશ્રી,
સુરત મહાનગરપાલીકા,
સુરત

વિષય:– ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ –૧૯૭૬ ની કલમ– ૪૧(૧) હેઠળ સુચિત મુસદારૂપ નગર રચના યોજના નં. ૮૫(સરથાણા–પાસોદરા–લસકાણા) બનાવવા અંગે યોજનાના હદ વિસ્તારને અનુમોદન આપવા બાબત.

સંદર્ભ:– આપશ્રીના તા–૧૩/૯/૨૦૧૨ ના પત્ર નં.ટીપીડી/૩૬૪૦.

ઉપરોક્ત વિષયાન્વયે આપશ્રી દવારા સંદર્ભ તળેના પત્રથી , ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ –૧૯૭૬ ની કલમ– ૪૧(૧) હેઠળ સુચિત મુસદારૂપ નગર રચના યોજના નં. ૮૫(સરથાણા–પાસોંદરા–લસકાણા) બનાવવા અંગે યોજનાના હદ વિસ્તારને અનુમોદન આપવા બાબત પાઠવેલ દરખાસ્ત અન્વયે પ્રસ્તુત સુચિત મુસદારૂપ નગર રચના યોજના નં. ૮૫(સરથાણા–પાસોદરા–લસકાણા) બનાવવા અંગે યોજનાના હદ વિસ્તારને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ –૧૯૭૬ ની કલમ– ૪૧(૧) હેઠળ નીચેની શરતોને આધીન પરામર્શ આપવા સૈધાન્તિક મંજુરી આપવામા આવે છે.

૧. યોજનામાં આવતા હયાત જળપ્રવાહો યથાવત રાખવાના રહેશે.
૨. સુડાની મંજુર અને અમલી વિકાસ યોજનાની દરખાસ્તો યોજનામાં યથાવત રાખવાની રહેશે.
૩. યોજના વિસ્તારમાં સમાવિષ્ટ જે તે ગામની મુળખંડોની જમીનોને તે જ ગામની જમીનોમાં જ અંતિમખંડ ફાળવવાનો રહેશે.
૪. યોજનામાં સમાવિષ્ટ જમીનોના સત્તાપ્રકારનો સ્પષ્ટ રીતે ઉલ્લેખ કરી સરકારશ્રીનું હિત જાળવવાનું રહેશે.
૫. યોજનામાં સમાવિષ્ટ ફાજલ જમીનોને અલગ અંતિમખંડ ફાળવવાનો રહેશે.
૬. યોજનામાં સમાવિષ્ટ જે તે ઝોનમાં આવતી જમીનોને તે જ ઝોનની જમીનોમાં અંતિમખંડ ફાળવવાનો રહેશે.
૭. યોજના વિસ્તારની માપણી કરાવી , યોજનાના ક્ષેત્રફળ બાબતે ડી.આઇ.એલ.આર.શ્રીનું પ્રમાણપત્ર મેળવી અત્રેને પાઠવ્યા બાદ જ યોજનાનો ઇરાદો જાહેર કરવાનો રહેશે.
૮. યોજના વિસ્તારની લાગુમાં આવતી યોજનાની વિગતો નકશામાં દર્શાવવાવની રહેશે.તેમજ લાગુ યોજનાની હદ બાબતે ચકાસણી કરી લેવાની રહેશે.
૯. જે જમીનો સુડા વિસ્તાર હસ્તકની છે તે જમીનોનો પ્રસ્તુત યોજનામાં સમાવેશ કરેલ છે. તે બાબતે સુરત શહેરી વિકાસ સત્તામંડળની સહમતિ મેળવી લેવાની રહેશે.

આ સાથે નકશામાં જરૂરી સહી–સિકકા કરી આપેલ છે.

મુખ્ય નગર નિયોજક
ગુજરાતરાજય,ગાંધીનગર

નકલ રવાના –પ્રતિ,
૧. પ્રવર નગર નિયોજકશ્રી, દક્ષિણ ગુજરાત વિભાગ,વડોદરા તરફે જાણ સારૂ.
૨. નગર નિયોજકશ્રી, સુરત શાખા, સુરત તરફે જાણ સારૂ.